Received on : 28-02-2026
Registered on : 28-02-2026
Decided on : 12-03-2026
Duration : Y M D
- - 12

## જૂનાગઢના મે. છઠ્ઠા એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, મુ. જુનાગઢ

**ફોજદારી ફેરતપાસ અરજી નંબર : ૧૨/૨૦૨૬.**

**આંક :-**

**અરજદાર :-** શેખ આકીબ સીલમબીન,
ઉ.વ.આ.૩૨, ધંધો-ડ્રાઈવીંગ,
રહે. જુનો આર.ટી.ઓ.રોડ,
નરસિંહ મહેતા ચોરા પાસે,
વાલી ઈ સોરઠ, દરગાહની પાસે,
સુખનાથ ચોક, જુનાગઢ.

**- વિરૂધ્ધ -**

**સામાવાળા :-** શ્રી સરકાર,
નોટીસ થ્રુ : સરકારી વકીલશ્રી,
જૂનાગઢ.

બાબત : ભારતીય નાગરીક સુરક્ષ સંહિતાની કલમ-૪૩૮ હેઠળની રીવીઝન અરજી.

---

અરજદાર તરફે વિ.વકીલશ્રી : આર.બી.પરમાર.
સામાવાળા તરફે વિ. એડી. પી.પી.શ્રી : વી.જી.દોંગા.

---

**-: ચુ કા દો :-**

(૧) સદરહુ કામના અરજદારે જૂનાગઢના મહે.એડી. જ્યુડી. મેજી. ફ. ક. શ્રીએ તાલુકા પોલીસ સ્ટેશન જુનાગઢ ગુના રજી.નં.૧૧૨૦૩૦૨૫૨૫૦૯૦૮/૨૦૨૫ ના કામેની મુદ્દામાલ અરજી લગત તા.૨૧/૦૨/૨૦૨૬ ના રોજ અરજદારની અરજી

નામંજુર કરતો હુકમ કરેલ તે હુકમથી નારાજ થઈ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૩૮ હેઠળ હાલની રીવીઝન અરજી કરેલી છે.

(૨) સદરહું કામના અરજદારે હાલ રીવીઝનની અરજી દાખલ કરી મુખ્યત્વે એવી તકરાર લીધેલ છે કે, જૂનાગઢના નામદાર એડી. જયુડી.મેજી. ફ. ક. સાહેબની કોર્ટે કરેલ હુકમ કાયદાની અને હકીકતની ભુલ ભરેલો હોય રદૃ થવાપાત્ર છે. સદરહુ મુદૃામાલ ગુન્હાના કામે ઉપયોગમાં લીધેલ નથી, પ્રથમદર્શનીય અરજદાર માલીક હોવાનુ માનેલુ અને કલેઈમ કરનાર કોઈ ન હોય તેમ છતાં અરજી નામંજુર કરેલી. અરજદારની કાર બીનવારસી પડી રહેલ છે તેથી તેમાં મોટુ આર્થિક નુકશાન થાય તેમ છે કારણ કે, ટ્રાયલ ચાલતા સમય લાગે તેમ છે જે હકીકત નામદાર નીચેની કોર્ટે ધ્યાને લીધેલ નથી. નામદાર નીચેની કોર્ટે ૨૦ લીટર કરતા વધારે પ્રોહીબીશનનો મુદૃામાલ હવાનુ ધ્યાને લઈ તેમની અરજી નામંજુર કરેલ છે જે હુકમ કાયદા તથા હકીકતની ભુલ કરેલ હોય રદૃ થવાપાત્ર છે. સદરહુ મુદૃામાલ અરજદારના રોજબરોજના ધંધા માટે ઉપયોગી સાધન છે અને જો મુદૃામાલ કાર પરત સોંપવામાં આવશે તો જામીન આપવા અને શરતો પાળવા તૈયાર છે. જે તમામ હકીકતો ધ્યાને લઈ નામદાર નીચેની અદાલતે મુદૃામાલ અરજી નામંજુર કરતો હુકમ રદૃ કરી, રીવીઝન અરજી મંજુર કરી મુદૃામાલ વાહન અરજદારને વચગાળાની કસ્ટડી માટે સોંપવા અરજ કરેલ છે.

(૩) હાલની રીવીઝન અરજીમાં સામાવાળાને નોટીસની બજવણી થતા સામાવાળા તરફે વિ.એડી.પી.પી.શ્રી વી.જી.દોંગા હાજર થયેલા છે.

(૪) આ કામે અરજદાર તરફે તેમના વિ.વકીલશ્રી આર.બી.પરમારની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે જયારે સામાવાળા તરફે વિ.એડી.પી.પી.શ્રી વી.જી.દોંગા ની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

(૫) સદરહું કામમાં નિર્ણય માટે નીચે જણાવેલ મુદૃા ઉપસ્થિત થાય છે.

૧.. શું નીચેની અદાલતના વિ. મેજીસ્ટ્રેટશ્રીએ તાલુકા પોલીસ સ્ટેશન જુનાગઢ ગુના રજી.નં.૧૧૨૦૩૦૨૫૨૫૦૯૦૮/૨૦૨૫ ના કામેની

મુદ્દામાલ અરજી લગત તા.૨૧/૦૨/૨૦૨૬ ના રોજ કરેલ હુકમ ગેરકાયદેસરનો, ભુલ ભરેલો અને રદ થવાપાત્ર છે ?

૨.. શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણય નીચે મુજબ છે.

૧.. નકારમાં.

૨.. આખરી હુકમ મુજબ.

**–:: કા ર ણો ::–**

**મુદ્દા નંબર : ૧ ની ચર્ચા :–**

(૭) આ કામના અરજદારે હાલની ફેરતપાસ અરજી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૪૩૮ હેઠળ દાખલ કરેલ છે. ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૪૩૮ ની જોગવાઈઓ ધ્યાને લેતાં ફેર તપાસ અરજીના કામે નિર્ણય કરતી વખતે અદાલતે ખુબ જ મર્યાદિત સત્તાનો ઉપયોગ કરીને મુદ્દાનો ન્યાય નિર્ણય કરવાનો રહે છે. મે.નીચલી અદાલતે ન્યાય નિર્ણય કરતી વખતે પોતાની સત્તા બહાર જઈ ગેરકાયદેસરનો હુકમ કરેલ છે કે કેમ તેટલું આ અદાલતે ધ્યાને લેવાનું રહે છે. આ હકીકત ધ્યાને રાખી ન્યાય નિર્ણય કરવાનો રહે છે.

(૮) રીવીઝન અરજી સાથેના સાધનિક કાગળો વંચાણે લેતા જેમાં હાલની રીવીઝન અરજી મુદ્દામાલ તરીકે ફોરવ્હીલ વાહન ઈકો રજી.નં.GJ.11.CQ.9744 પરત મેળવવાની અરજી મેજીસ્ટ્રેટ અદાલતે નામંજુર કરતા હાલની રીવીઝન અરજી કરેલ છે. જે મુદ્દામાલ વાહન પ્રોહીબીશન એકટની કલમ–૬૫(ઈ), ૯૮(૨) મુજબના ગુન્હાના કામે કબજે લેવામાં આવેલ મુદ્દામાલ પરત મેળવવાની અરજી બી.એન.એસ.એસ.ની કલમ–૪૯૭ હેઠળ મેજીસ્ટ્રેટ અદાલત સમક્ષ કરેલી. ગુન્હાની એફ.આઈ.આર. તાલુકા પોલીસ સ્ટેશન જુનાગઢ ગુના રજી.નં.૧૧૨૦૩૦૨૫૨૫૦૯૦૮/૨૦૨૫ થી નોંધાયલ

છે તથા  જૂનાગઢના એડી. જયુડી.મેજી. ફ.ક.શ્રીનાઓએ તા.તા.૨૧/૦૨/૨૦૨૬ ના રોજ મુદ્દામાલ વાહન અંગે અરજી નામંજુર કરતો હુકમ કરેલ છે જેમાં મુખ્યત્વે  ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૯૮ (૨), ગુજરાત પ્રોહીબીશન રૂલ્સ–૨૦૧૨ તથા નામદાર ગુજરાત હાઈકોર્ટની સ્પે. ક્રિમી. એપ્લી. નં. ૮૫૨૧/૧૭ ના પેરા–૬૫ ઘ્યાને લઈ તથા ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૯૮(૨)  તથા  પ્રોહીબીશન  કેસમાં  જથ્થા  સંદર્ભે વાહન જપ્તી બાબતના નિયમ–૯ ઘ્યાને લઈ  નામંજુર કરેલ છે.  જેની સામે રીવીઝન અરજી વંચાણે લેતા આ કામે નોંધાયેલ ગુન્હાની એફ.આઈ.આર. વંચાણે લેતા તેમાં મારૂતિ સુઝુકી કંપનીની ઈકો કાર રજી.નં.GJ.11.CQ.9744 વાળીના વાહન ચાલકે ગે.કા.ભારતીય બનાવટનો અલગ અલગ બ્રાન્ડનો પરપ્રાન્તીય ઈંગ્લીશ દારૂની નાની મોટી કુલ બોટલો નંગ–૮૧૨, કિંમત રૂા.૧,૬૫,૬૬૦/– નો પ્રોહીબીશનનો મુદ્દામાલ હેરફેર  કરી  આરોપીએ ગુન્હો કરેલ છે.  આમ, એફ.આઈ.આર. વંચાણે લેતા કહેવાતા ગુન્હા અંગેની એફ.આઈ.આર. તા.૧૯/૧૨/૨૦૨૫ ના રોજ નોંધાયેલ છે અને એફ.આઈ.આર.માં મુદ્દામાલ વાહનનો ઉલ્લેખ છે તેમજ અરજદારે હાલની રીવીઝન અરજીમાં જણાવેલ મારૂતી સુઝુકી કંપનીની ઈકો કાર રજી.નં.GJ.11.CQ.9744 નો પણ એફ.આઈ.આર.માં ઉલ્લેખ છે. વઘુમાં આ કામે સમગ્ર રેકર્ડ ઉપરની હકીકતને ઘ્યાને લેતા ગુજરાત નશાબંઘી અઘિનીયમ ની કલમ–૯૮ (૨) મા થયેલ સુધારા મુજબ પણ પેટા કલમ–૧ હેઠળ જપ્ત થયેલ વાહન જ પ્ત થયેલ દારુનો જથ્થો નિયોમોથી ઠરાવવામા આવે તેનાથી વઘુ હોય ત્યારે કોર્ટના આખરી ચુકાદા સુધી તેને બોન્ડ અથવા જામીન પર મુકત કરી શકાશે નહી તેવી સ્પષ્ટ જોગવાઈ કરવામા આવેલ છે. જયારે  ગુજરાત નશાબંઘી(દારુના નમુના અને જપ્ત કરેલા દારુનો જથ્થો નકકી કરવા કરવા બાબતેના) નિયમો ૨૦૧૨ ના નિયમ– ૯ મુજબ વીસ લીટર કરતા વઘુ જથ્થો હોય ત્યારે  જપ્ત કરેલ વાહન  ગુજરાત નશાબંઘી અઘિનીયમ  હેઠળ શિક્ષાપાત્ર કોઈ ગુના સંબઘમા જપ્ત કરેલ હોય અને દારુનો જથ્થો વીસ લીટર કરતા વઘુ હોય ત્યારે એવા વાહન અથવા તબદીલી વાહન અઘિનીયમની કલમ–૯૮(૨)ની જોગવાઈ મુજબ સરકાર ખાલસા થવાને પાત્ર થશે તેવી જોગવાઈ

કરવામા આવેલ હોય. તેમજ તે અંગે નામદાર ગુજરાત હાઈકોર્ટે પરેશકુમાર જયકરભાઈ બ્રાહમભટ્ટ વિ. સ્ટેટ ઓફ ગુજરાતના ચૂકાદામાં ઠરાવ્યા મુજબ પ્રોહીબીશન એકટની કલમ–૯૮(૨) જોગવાઈ અન્વયે ક્રિમી. પ્રોસી. કોડની કલમ–૪૫૧ અને ૪૫૭ ના વચગાળાના હુકમ ની સત્તા વાપરવી જોઈએ નહીં તેવુ ઠરાવેલ છે. આ કામે એફ.આઈ.આર. વંચાણે લેતા પ્રોહીબીશનનો જથ્થા અંગેની ગણતરી કરતા તે ૨૦ લીટર ઉપરાંત એટલે કે કુલ લીટર ૧૪૭.૯૮ થાય છે અને જેથી કિંમત રૂા.૧,૬૫,૬૬૦/– ની રહેલ છે. તેમજ ઉપરોકત ચર્ચા કર્યા મુજબ વાહનનો ગુન્હાના કામે ઉપયોગ થયેલ હોય તે મુજબ કબજે લેવાયેલો છે. ત્યારે ટ્રાયલ અદાલતે બી.એન.એસ.એસ.ની કલમ–૪૯૭ ની સત્તા વાપરવી યોગ્ય જણાતી ન હોય તેવા તારણ સાથે મુદ્દામાલ વાહન અંગે અરજી નામંજુર કરતો જે હુકમ કરેલ છે તેમાં કોઈપણ પ્રકારનો હસ્તક્ષેપ કરવો વ્યાજબી જણાતુ ન હોય જેથી મુદ્દા નં.–૧ નો જવાબ '' **નકારમાં** '' ઠરાવવામાં આવે છે અને મુદ્દા નં.–૨ અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–:: હુકમ ::–</u>**

(૧) અરજદારની રીવીઝન અરજી આથી ''નામંજુર'' કરવામાં આવે છે.

(૨) આ હુકમની એક નકલ એડી.જયુડી.મેજી.ફ.ક.શ્રી, જૂનાગઢ તરફ મોકલી આપવી.

હુકમ આજ રોજ વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તા.૧૨/૦૩/૨૦૨૬
જૂનાગઢ.

**(એ. આર. રાણા)**
છઠ્ઠા એડીશ્નલ સેશન્સ જજ,
જુનાગઢ
(કોડ નં.જીજે.૦૦૯૬૫)